# આધુનિકોત્તર ગુજરાતી ટૂંકી વાર્તામાં દલિતચેતના : દલિત ચેતનાની વાર્તાના પ્રમુખ વાર્તાકારો અને તેમની વાર્તાઓ

ડૉ. આરતીબેન જી. પટેલ
આચાર્ય અને અધ્યક્ષ,
ગુજરાતી વિભાગ,
એન. પી. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, પાલનપુર

**૧. ભૂમિકા**

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી પણ દલિતોના મુકત જીવનમાં અસ્પૃશ્યતા, અસમાનતા, શોષણ, વ્યથા–પીડા, ગરીબી અવરોધ પેદા કરતાં રહયાં છે. ૧૯૭૫ ની આસપાસ દલિતો પર અત્યાચારો વધે છે તો ૧૯૮૧ માં થયેલ અનામતવિરોધી આંદોલન દલિતોનું જાગૃતિનું મહત્વનું સ્થિત્યંતર હતું. દલિતો પોતે હિન્દુ હોવા છતાં એની હિન્દુ તરીકે થતી સતત અવગણનાને લીધે આત્મસન્માનની ભાવા જન્મી. સામાજિક ,રાજકીય અને સાંસ્કૃતિક દષ્ટિએ દલિતોમાં આવેલી સભાનતા અને જાગૃતિ વધુ મજબૂતીથી સાહિત્યમાં પ્રવેશી.

“દલિત સાહિત્ય એ વીસમી સદીના ઉતરાર્ધના ભારતીય સમાજની સાહજિક છતાં વિશિષ્ટ નીપજ છે. હજારો વર્ષોથી જેની વાચા અને દષ્ટિ હરી લેવામાં આવ્યા હતા ; એવા એક વિરાટકાય પુરુષને આજે પહેલીવાર વાચા ફૂટી છે.” ગુજરાતી સાહિત્યમાં ૧૯૮૦ પછી આધુનિક વાર્તાના પૂર ઓસરવા માંડયા અને અનુઆધુનિક વાર્તાનો પ્રારંભ થયો. અનુઆધુનિક વાર્તાની વિવિધ વિચારધારાઓમાં (ગ્રામચેતના, દલિતચેતના, નારીચેતના, આરણ્યક અને દરિયાકાંઠાના માનવજીવનની સંસ્થાઓ ) દલિતચેતનાની વાર્તાઓએ તેની નિજી સર્વાગીણ સમસ્યાઓને કારણે જુદી જ ભાત પાડી છે.

**૨.પ્રવીણ ગઢવી**

**વાર્તાસંગ્રહો**

(૧) સૂરજપંખી (૧૯૭૫), (૨) પ્રતીક્ષા (૧૯૯૦), (૩) અંતરવ્યથા (૧૯૯૬), (૪) મલાકા (૨૦૦૦), (૫) સ્વર્ગ ઉપર મનુષ્ય (૨૦૦૯)

પ્રબુધ્ધ વાર્તાકાર પ્રવીણ ગઢવી સદીઓથી ચાલી આવતી વર્ણવ્યવસ્થા, અડીખમ ઊભેલી સામાજિક અસમાનતા, સવર્ણો દ્વારા હંમેશથી થતા રહેલા અમાનવીય અત્યાચાર, શોષણ અન્યાય અને વેદનાને કારણે દાઝતી અંતરવ્યવસ્થાને અનુભવનાર, એ મૂક વેદનાને વાચા આપનાર છે. એમનો વાર્તાસંગ્રહ ‘ અંતરવ્યથા ’માં સંગ્રહિત સોળે–સોળ વાર્તાઓનો કેન્દ્રવિષય એક જ છે. મનુષ્યનો મનુષ્ય તરફનો અમાનવીય વ્યવહાર.

“આ સંગ્રહમાં સોળે–સોળ વાર્તાઓમાં વર્ણ્યવસ્તુ કે વિષય એક જ છે. માનવીનો માનવ પ્રત્યેનો અમાનવીય દુર્વ્યવહાર નિર્ઘૃણ શોષણ અને હેવાનિયતનેય લજવે એવી છાટકાઈભરી નફટાઈ. ગુજરાત સૌરાષ્ટ્રના કહેવાતા સવર્ણો સમ્પન્નો એવા દરબાર–ગરાસિયા–પટેલોની બેશરમ જબરાઈ, એની સામે તંત્ર વાંઝિયું–વામણું, નિર્મમ ને નાકામ બની રહે છે. એનું નિરૂપણ.” (પૃ. ૮૧, અન્યાય–અત્યાચારનું વ્યાકરણ વદતી વાર્તાઓ, ગુજરાતી દલિત સાહિત્યઃ સ્વાધ્યાય અને સમીક્ષા સં. મોહન પરમાર, હરીશ મંગલમ ) ‘અંતરવ્યથા ’ વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા ‘ મરદ કસૂંબલ રંગ ચડે ’ ગ્રામસંસ્કૃતિની વાત બળૂકા અવાજે કહે છે.

પ્રવીણની ગઢવીની ‘ દરૂપદી ’ વાર્તા સંકુલ પ્રકારની છે અહીં દલિત સ્ત્રીની સહજમાં થતી ભૂલનો બદલો અમાનુષી અત્યાચારથી લેવામાં આવ્યો છે. આધેડ વયનો કામી પુરુષ નરસીં એવો તો કામી છે કે તેનાથી તેની પુત્રવધુઓ પણ દૂર રહે

છે ; તેમ છતાંય અડપલાનો ભોગ તો બની જ છે. વાર્તાની નાયિકા અરજણની વહુ છે. દારૂડિયો પતિ અરજણ તેને સંતાનસુખ આપી શકે એમ નથી અને નરસીંની કામુક નજર તેના તરફ છે. એ જાણતી તે સંતાનની ઝંખનાને નરસી સાથે અનૈતિક રીતે જોડાય છે ને પ્રથમમાં જ નરસીંની પુત્રવધુના હોબાળાથી રંગે હાથ પકડાય છે. અધર્મી પિતાની આબરૂ બચાવવા માટે નરસીંના દિકરા અરજણની વહુને નાગી કરીને ગામ બહાર ધકેલે છે તો ગામના દરબારો ચૂંટણીમાં નરસીંને હરાવવાના વેંતમાં પડે છે. અહીં પરિસ્થિતિનો ભોગ એકમાત્ર અરજણની વહુ 'દરૂપદી ' બને છે.

'સપાટું પહેરવાનું મન' વાર્તા લગભગ અભિધાના સ્તરેથી ઊંચકાઈને અભિધાના સ્તરે પૂરી થાય છે. સુથાર પ્રહલાદ અને સવર્ણ ગગી આ વાર્તાના પાત્રો છે પ્રહલાદ ગણતરીબાજ, જાતીયવૃતિથી પીડાતો આવેગી છે. સામે ગગી સાવ નિર્દોષ ઝરણા જેવું ખળખળ, ભોળું ભોળું જીવતી કન્યા છે. સપાટું પહેરવાનું એનું સ્વપ્ન છે. રીઢો પ્રહલાદ આ સ્વપ્નને પંપાળીને ગગીના ભોળપણાનો ગેરલાભ ઉઠાવે છે. ગગી પાતે છેતરાઈ છે. એવું સમજે છે ત્યારે ઘણું ઘટી ગયું હોય છે. ગરાસિયા કે ઈતર સવર્ણ કોમો દ્વારા દલિત સ્ત્રીઓનું જાતીય શોષણ જે રીતે કરતા આવ્યા છે તેનું અહીં એક વધુ ચિત્ર ઉપસાવવાનો પ્રયત્ન છે. 'સંપ' અને 'જી–સાહેબ' દલિતોના રાજકીય શોષણની સરસ વાર્તા છે. દલિત અધિકારી દ્વારા જ દલિતવાસને ગામથી દૂર રાખવાનું કામ થાય છે. 'જી, સાહેબ' પ્રવીણ ગઢવીની શુદ્ધ દલિત વાર્તા છે. વાર્તા આ રીતે શરૂ થાય છે.

'પહેલું પોસ્ટીંગ હતું અમદાવાદથી ઘણું દૂર પણ પહેલું પોસ્ટીંગ હતું એટલે વિના છૂટકો નહોતો. '

કથાનાયક દલિત હિન્દુ ચમાર છે. તેથી જીવનમાં ભણતરમાં એન વેદના, યાતના ભોગવવી પડી છે. જી.પી. એસ.સી. ની પરીક્ષામાં કલાસ વન અધિકારી તરીકે તે પોતાના પોસ્ટીંગ સ્થળે હાજર થાય છે. અધિકારી હોવાને નાતે હવે એ નાતજાતના ભેદભાવ ભૂલી સૌને સમાન દષ્ટિથી મૂલવવાની ટેવ પાડવા ઈચ્છતો હતો પોતે હવે અધિકારી છે માટે સામાજિક દૂષણો અને અન્યાયોને દૂર કરવાનું એના માટે હવે શકય બન્યું છે. પોતે હવે અન્યાય કે દલિત હોવાના શાપમાંથી છૂટયો હોવાનું અનુભવે છે. અનામતની પ્રથા વિષે તે દિવસો સુધી ચર્ચા કરવાનું સાહસ ધરાવે છે. પરંતુ તેનું આત્મબળ વધુ સમય ટકતું નથી. એક ગામમાં હરિજનોના ગામતળના પ્રશ્ને એ પાણીમાં બેસી જાય છે. લોકસભ્યશ્રીની નારાજગીના ભય હેઠળ તે સવર્ણોનો હાથો બની બેઠેલા હરિજનોને ન્યાય અપાવી શકતો નથી. વર્ષોથી મનમાં ઘર કરી ગયેલ ડરને કારણે આ દલિત કથાનાયક દલિતોને જ અન્યાય કરી બેસે છે.

કહેવાતી આધુનિકતા મનુષ્યના મનમાં ઘર કરી ગયેલ જાતિવાદને દૂર કરી શકતી નથી. તે ' ટેસ્ટ ટયૂબ બેબી ' વાર્તાનો મુખરિત સ્વર છે. પ્રવીણ ગઢવીનો ' મલાકા ' વાર્તાસંગ્રહ વર્તમાન યુગના ગરીબી, મોંઘવારીમાં પીસાતા મધ્યમવર્ગીય લોકોના જીવનના અનુભવોને વાસ્તવિક સ્તરે નિરૂપે છે. આ વાર્તાસંગ્રહની ' ગણવધૂ ' વાર્તા પછાત કોમની કોળીની લાચારીને વ્યકત કરે છે. યુવાન પ્રદીપ કાળી સાથે સહવાસની તીવ્ર કામનાથી પીડાય છે. થોડા પૈસાથી જયારે આખી વાત ગોઠવાઈ જાય છે ત્યારે કાળી પોતે અસ્પૃશ્ય હોવાની યાદ અપાવતા કહે છે.

"તમારા જેવાં લોકથી આંય ના અવાય." પણ કાવાસનાથી અંધ પ્રદીપ જેવા સવર્ણને આવી સ્થિતિમાં અસ્પૃશ્યતાના વાડા સ્પર્શતા નથી. 'મૃત–અમૃત' વાર્તામાં પરનાતના પ્રેમલગ્નને કારણે નાયિકા દીપા પોતાના ઘર–પરિવાર અને છેલ્લે તો જાણે સામાજિક રીતે બહિષ્કૃત થઈ હોય તેવી સ્થિતિને ભોગવે છે. ન જીવી શકાય કે ન મરી શકાય તેવી સ્થિતિમાં પણ તે જીવ્યે જાય છે.

### ૩. ધરમાભાઈ શ્રીમાળી

**વાર્તાસંગ્રહો :** (૧) સાંકળ (૧૯૯૭, (૨) નરક (૨૦૦૩), (૩) રવેશ (૨૦૦૫)
'સંવેદનને ઘનતા આપવાની ધરમાભાઈમાં ત્રેવડ છે.'(પૃ. ૧૯૦, આધુનિકોતર વાર્તા, ભરત મહેતા, આધુનિકોતર સાહિત્ય,

ધરમાભાઈ શ્રીમાળીની વાર્તા ' દાઝવું તે ' માં બળતરાને સચોટ વાચા મળી છે. સવર્ણ પુરુષ દ્વારા ભોગવાયેલી બબલીની સંનિધિ એ જ પુરુષ જેના પર ચઢીને વરઘોડો મ્હાલી રહયો છે તે ઘોડી સાથે રસપ્રદ રીતે મૂકાઈ છે. વાર્તામાં વરરાજાની આજુબાજુ પેટ્રોમેકસ માથે મૂકી ચાલનારા દલિત પરિવારની યુવાન છોકરી બબલીની મૂકવેદનાને વાચા મળી છે. દલુભાનો પુત્ર પરબત પરણવા નીકળેલો છે. માથા પર પેટ્રોમેકસ મૂકીને ચાલનારા મજૂર પૈકીની છોકરી બબલીને તે નફ્ફટાઈથી જુએ

છે. આજ બબલીને થોડા દિવસ અગાઉ તેણે ફોસલાવી લલચાવીને સંભોગી છે. બબઈીની આ કરમકહાણી છે કે તેણે અહીં મજૂર તરીકે આવવું પડયું છે. વળી પોતે જેને સંભોગી છે તેવો પરબત વરરાજા બન્યો છે. તેમ છતાંય બબલીને છેડયા કરે છે.

ધરમાભાઈ શ્રીમાળીની વાર્તામા ં સ્ત્રી–પુરુષ સંબંધની સંકુલતાઓ દલિતપુરુષના સવર્ણ સ્ત્રી સાથેના સંબંધથી પણ આલેખાઈ છે. 'ભવાઈ' નો દલિત નાયક વીર માંગડાવાળો બને અને એના પર એક સવર્ણ સ્ત્રી ઓળઘોળ થઈ જાય. સામાજિકતાથી ડરી પેલો સાચવીને ચાલે પણ પોટલો કોના પર આવવાનો '' 'ભવાઈ' એની કળાત્મકતાથી સ્પર્શી રહે છે. ભવાઈનો અસબાબ ભૂતકાલીન ઘટનામાં લઈ જાય. ખાંસતી સ્ત્રી સાથેનું એનું દાંમ્પત્યજીવન વાર્તાને રસપ્રદ બનાવે છે.''(પૃ. ૧૯૧, આધુનિકોતર વાર્તા, ભરત મહેતા, આધુનિકોતર સાહિત્ય, સં. સુધા નિરંજન પંડયા )

ધરમાભાઈ શ્રીમાળીની સર્જક સ્વાનુભવની મૂડીથી લખાયેલી વાર્તા છે. 'આડવાત' વાર્તામાં આડબંધ બાંધવા અંગે સમાજને જાગૃત કરવા નાયક (તે મોટા સાહેબ, કર્મચારી છે) પોતાની ટીમ (કનુ રોજમદાર, વ્યાસ, ડ્રાઈવર ) સાથે નીકળે છે. ગામડાંઓની મુલાકાત તે લે છે અને પોતે દલિત હોવાથી ગામડાના દલિત મહોલ્લાને તો ખાસ યાદ કરે છે.

'સણકો' વાર્તા દલિત પરિવારના દુ:ખ દર્દને વ્યકત કરે છે મંછીનો પતિ અને કેશાનો પિતા સોમો બેચરદાસના ખેતરમાં મજૂરી કરી કરીને મૃત્યુ પામ્યો છે. પોતાના ભણવામાં હોશિયાર પુત્રને ભણાવવાની તેની આશા હતી. મંછી મૃત પતિની ઈચ્છાને માન આપી દીકરાને એટલા જ અરમાનો સાથે ભણાવવા તટસ્થ છે પરંતુ બેચરદાસની ખોટી દાનતથી પોતાની જાતને બચાવી લેતી મંછી બેચરદાસની નજરમાંથી પોતાના હોશિયાર દીકરાને બચાવી શકતી નથી.

'નવી' વાર્તાની નાયિકા સમુ છે. 'નવી' તેને એના બીજી વારના પતિ થકી મળેલું નામ છે. બીજીવાર પોતાના જીવનને વ્યવસ્થિત જીવે તે પહેલા જ કુદરતની મૂંગી થપાટને કારણે બબ્બે વખત વિધવા બનતી નાયિકા સમુની વ્યથાકથા છે.''નરકની બધી જ વાર્તાઓ હિન્દુ સમાજના કલંક સમાન ' અસ્પૃશ્યતાને ' કેન્દ્રમાં રાખીને લખાયેલી વાર્તાઓ છે. લેખક પોતે ગામડામાં રહયાં છે. મોટા થયા છે. ગામડું, ગામડાંના લોકોને જોયાં છે, જાણ્યાં છે અને રગેરગમાં ઉતાર્યા છે. સામાજિક ઉચ્ચાવચતા, ભેદભાવ, અસ્પૃશ્યતા વગેરેનો સાક્ષાત અનુભવ છે. આક્રોશ, અન્યાય, વિદ્રોહ વગેરે જેવા દલિત વર્ગોના સબળ પાસાઓને પણ અતિક્રમી જઈને વાર્તાકાર ધરમાભાઈ શ્રીમાળીની સર્જકદષ્ટિ સફાઈ કામદારોના જીવનસંચારમાં ડોકાઈ છે. મેલું ઉપાડવાનું કામ કરતો આ વર્ગ નરક જેવી યાતના કેમ વેઠી રહયો છે એ પ્રશ્નનો તેમની પાસે ઉતર છે.

''સા બ....કશું પૂસવા જેવું જ નથ....જીવતેજીવત......પણ પેટ માટે વેઠ....''(પૃ. ૧૪૭, દલિત વાર્તાસૃષ્ટિ, સં. મોહન પરમાર)

'ભોગ' વાર્તા કાળી મજૂરી કરીને મંદિરો બાંધતા ; કેટલીયવાર દુર્ઘટનાના ભોગ બનતા દલિતોની હકીકત રજૂ કરે છે. મંદિરની શલ્યા ચડાવતી વખતે દુર્ઘટનાવશ તેની નીચે દબાઈ જઈ દેવો હરિજન મૃત્યુ પામે છે. તેની પત્ની 'કંકુ' આજે મંદિરમાં પ્રતિષ્ઠાન–જમણવાર પ્રસંગે જમવા જવા રાજી નથી પણ તેનો નાનો દિકરો અમરત ત્યાં પહોંચી ગયો છે. મંદિરના આ કાર્યક્રમમાં એક તરફ મંદિર માટે ભોગ આપનાર દેવો હરિજનનું નામ બોલાય છે બીજી તરફ બાળસહજથી રસોડામાં ઘૂસી ગયેલા અમરત પર રસોડાનો મહારાજ બરાડી ઊઠી ધોલધપાટ કરે છે. અમરતની મા કંકુ આ દશ્ય જોઈ ક્રોધથી અમરતને છોડાવી ઘર તરફ ચાલતી પકડે છે. મંદિર બનાવતી વખતે જે આભડછેટ નડતી નથી તે મંદિર બનવું પૂરું થયા પછી જળવાઈ રહે છે તે વિચિત્ર જડ માનસિકતાને લેખકે રજૂ કરી છે.

'વરઘોડો' વાર્તામાં સ્વબળે આગળ આવેલા દલિત શિક્ષિતો કોઈપણ પ્રસંગ દબદબાભેર કે સવર્ણોથી વિશેષ કરીને ઉજવે તે વર્ષોથી તેમના પર સતા જમાવતા આવેલા સવર્ણોને (પોતાની અક્ષમતાને કારણે પણ) મંજૂર નથી. ગામમાં પરમાર સાહેબના બાબાના લગ્નમાં વરઘોડાનો વિરોધ કરી ધાંધલ મચાવે છે. એટલું જ નહીં ત્યાંના આયોજનને રફેદફે કરી નાખે છે

અનેક અર્થધ્વનિઓથી સભર વાર્તા છે. ' ભાત ' જેઠી ડોસીના ખેતરમાં કાળી મજૂરી કરતો રત્નો સતત જેઠી ડોસીથી શોષાતો હડધૂત થતો રહે છે.

Vol. 6, Issue: 11, November: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

'કુંડ' વાર્તાનો નાયક છે દલિત મગન, મગનના દાદા–પરદાદા પાસેથી મફતમાં ચંપલ બનાવી લેવાની મણિશંકર મહારાજના કુટુંબની પરંપરા છે. 'સડો' વાર્તામાં સરપંચ હોવા છતાં દલિત હોવાને કારણે મગનભાઈને ખોડભાઈ જમીન પર બેસાડે છે તે ઘટના વાર્તાનું પાત્ર (લેખક) શિક્ષિત મનુભાઈને સ્વમાન હણાયા જેવી લાગે છે. જૂની લાયબ્રેરીને નવી લાઈબ્રેરીમાં ફેરવવા માટે ખોડાભાઈ પાસે ગયેલા લેખક અને સરપંચ મગનભાઈ સામે ઊધઈગ્રસ્ત પુસ્તકોનો ખડકલો કરવામાં આવે છે અને મગનભાઈ ઊધઈથી બચવા પાછા હટયા કરે છે.

સામંતશાહી વિચાર વલણ ધરાવનાર ' ડંખ ' વાર્તાનું પાત્ર તખોજી, જવલડોશીની રાજસ્થાની પુત્રવધૂનું વીસ હાથનો ઘાઘરો પહેરવું સહન કરી શકતો નથી. તેનું સતાવાહીમાનસ એમ માને છે કે આવો ઘાઘરો દરબારની સ્ત્રી જ પહેરી શકે. પોતાની પત્નીની વીછીંના ડંખની પીડાને ઉતરાવવો તખોજીને દલિત જાતિના ભગત પાસે જવું પડયું તે પણ ગમ્યું નથી. એની પત્નીના ઢીંચણ સુધીના ખુલ્લા પગે સવર્ણોએ દલિતોના ગળામાં એવી તો ગાંઠ વાળી છે કે પછી એમની મરજી મુજબ જ ઊંચા નીચા થવું પડે છે. આ ગાંઠ હજી છૂટવાની નથી તે કલાત્મક રીતે 'ગાંઠ' વાર્તામાં વ્યકત થયું છે. 'સાંકળ', 'નરક','રવેશ' પછી ધરમાભાઈ શ્રીમાળીએ ચોથો વાર્તાસંગ્રહ આપ્યો ' ઝાંખરું ' આ વાર્તાસંગ્રહની ' કદડો ' વાર્તા નરકની યાતના ભોગવતા નગરપાલિકાની ગટર સાફ કરતા રોજમદાર કણદાની કરમકહાણી છે.

'ઝાંખરું' વાર્તાનો કથાનાયક હરીજન છે. ગરીબ પરિસ્થિતિમાં ગ્રેજયુએટની ડિગ્રી મેળવ્યા પછીય તે બેકાર મુશ્કેલીથી તેને અછતમાં રોજમદાર તરીકે નોકરીનો ઓર્ડર મળે છે. પરંતુ પોતે હરીજન હોવાને અને સરપંચની આ કામગીરીમાં ભેળસેળ થકી રળી દેવાની વૃતિને કારણે સરપંચ દ્વારા તેનું અપમાન થાય છે. જેની કામગીરી તેને સોપવામાં આવી છે. તેવા કરડાયેલા શોષિત દલિતોને તે મદદ કરે પણ કરી શકતો નથી. અને તેને બહુ જ ઠંડા દાવપેચ થકી નવી સાઈટ પર મૂકી દેવામાં આવે છે. અને કથાનાયકને જાણે એના પગમાં ગાંડા બાવળનું ઝાંખરું ભરાણું હોય તેવું દુઃખ ઘેરી વળે છે. જીવીના ન અટકતા રુદાનને સાર્થક કરતું વાર્તાનું શીર્ષક છે ' રુદન ' અનેક પ્રહારે દલિતોનું શોષણ કરતા સવર્ણો દલિત વાસમાંથી જવા આવવાનો રસ્તો પાડે છે તે દલિત પ્રેમજીથી સહન થતું નથી. 'આઠમો રંગ' વાર્તાનો નાયક અંકિત દલિત જાતિનો છે ભણીને નોકરીએ લાગ્યો છે.
'આફટર શૉક' વાર્તામાં ભૂક ખની વેદનાને કારણે અસ્તવ્યસ્ત થતા કપડાં તખોજીના માનસમાં વિકાર જન્માવે છે. ભૂતકાળની રતનનો ઘાઘરો ને વર્તમાનમાં પત્નીનો ખુલ્લો પગ તેની દષ્ટિમાં એકરૂપ બની હવસખોરી જન્માવે છે. આ સંગ્રહની એક વાર્તા છે 'છાપરું' પ્રતીકાત્મક રીતે લખાયેલી આ વાર્તા બધાથી જુદી પડે છે. 'છાપરું ' એક પ્રતીક છે.'સામૈયું ' વાર્તા રાજકારણમાં પણ દલિતોની જે દશા છે તેઓના જે છળપ્રંપચો છે તેને ધારદાર રીતે રજૂ કરે છે. 'તરસ' વાર્તા પ્રતીકાત્મક રીતે દલિત હોવાને કારણે વાર્તા નાયક પોતે ભોગવેલી યાતનાનો બદલો ચમનોજીને મારીને લેવાની તીવ ઈચ્છાને (તરસને) વ્યકત કરે છે. વાર્તાનાયક લેખકના બાળકને પણ જયારે એવો અનુભવ થાય છે કે, ગામડામાં પરબના માટલામાંથી જાતે પાણી ના પી શકાય એની સાથે જ લેખકના માનસપટ પર પોતાનું બાળપણ ફરી જીવંત થાય છે તે સમયે નિશાળમાં ડોયા વડે પાણી લેતાં કો' કે (ચમનાજી) જોરથી એને ઝાપટ મારેલી. ડોયો ફંગોળાઈ ગયેલો. ત્યારે હેડમાસ્તરે લેખકની જાંઘમાં જોશભેર ભરેલો ચીમટો આજે પણ ચચરી આવે છે. આજે એ ચમનોજી ; લેખકનું બાળક અજાણતા તેના માટલાને અડકી જતા ફરી હોબાળો મચાવે છે પત્ની અને બાળકની ચિંતાથી લેખક ક્રોધને પી જાય છે પણ બદલાની તરસ એવી જ તીવ રહે છે.

પંથી અસરગ્રસ્ત વિસ્તારના સર્વે માટે રાણાને ડયુટી સોંપાઈ છે પોતે દલિત હોવાથી અહીં લાઈનમાં ઊભેલા અસરગ્રસ્તોની ધ્યાનમાં ન લેવામાં આવતી અરજી સંદર્ભે તેને હરિજનો પ્રત્યે અનુકંપા જાગે છે. 'ફાચર' માં એક ગરીબ દલિત કુટુંબની દયનીય સ્થિતિને લેખકે શબ્દસ્થ કરી છે. શહેરમાં વસતી આંબાના ગામડામાં વીરા સાથે લગ્ન થાય છે. 'ઘોડેસવારી 'માં પોલીસમાં ભરતી થયેલ તેજા કરસન પરમારને આખો પોલીસ બેડો ટી.કે.થી બોલાવતો દલિત જાતિના ટી.કે.ની ઘોડેસવારીની કરબતોમાં આગવી ઓળખ છે. ' અંતર્ગત ' વાર્તા એક ગરીબીની યાતનાને રજૂ કરે છે. રાજુના બાપના શબ્દો: 'ગમે તે થાય, ગામડે પાછો ન જતો.' ઘણું બધું શાનમાં જ સમજાવી દે છે.'પધરામણી' વાર્તાને સીધી ગતિએ ચાલતા માતાજીના પ્રતિષ્ઠાનના પ્રસંગમાં અંતનો વળાંક ચોટદાર મૂકી વાર્તાકારે વાર્તાને સફળતા અપાવી છે.

### ૪.બી કેશરશિવમ (જાદવ ભીખાભાઈ શિવાભાઈ)

**વાર્તાસંગ્રહો :**(૧) જન્મદિવસ (૨) રાતી રાંયણની રતાશ (૩) ડાં. સીમા (૪)લક્ષ્મી (૫) શહીદા (૬) માણકી (૭) વિમળા

દલિત પીડિત સમાજ માટે ચિંતા કરનાર બી. કેશરશિવમનું ગુજરાતી દલિત સાહિત્યમાં પ્રદાન છેક ૧૯૫૯ના સમયથી આરંભાયું. વર્ણવ્યવસ્થાનો ભોગ બનતા શોષિતની મૂંગી આંતરિક વેદના તેમના હૃદયમાં ઘર કરી ગઈ છે. તે તેમની વાર્તાઓમાં આવતા અન્યાયો પ્રતિ શબ્દવિસ્ફોટ, તળપદી ભાષાનો સહજ વિનિયોગ, બોલાતી ભાષાની લઢાણ દલિતોનું સ્વમાન, વાસ્તવને જીવંત કરતી ગાળોનું યોગ્ય નરૂપણ, દારૂણ ગરીબીનું ચિત્ર, અમાનવીય અસ્પૃશ્યતા, અનામત વિરોધી વંટોળના નિરૂપણ થકી સમજી શકાય.

દલિત સાહિત્ય બાપડા–બિચારાનું સાહિત્ય હરગિજ નથી એ સાબિત કરતી ‘ રાતી રાંયણની રતાશ ’ વાર્તા દલિત નારી કેશલીની ખુમારીને સબળતાથી રજૂ કરે છે. ચૂપચાપ ચાલી જતી કેશલીની ગામનો સવર્ણ દીપો છેડતી કરતા કહે છે.

- અલ્યા પૂંજિયા, જો તો ખરો ! હારી રાતી રાંયણ જેવી સઅ ”(પૃ. ૧, રાતી રાંયણની રતાશ, બી. કેશરશિવમ)
- પણ તું જો તો ખરો , ભૂંડા ! જાણે ચંદરમાનું ચોથિયુ, શું ડોલતી ઈની ચાલ સઅ ! જાણે નાગેણ જ જોઈ લ્યો. ”( પૃ. ૧,રાતી રાંયણની રતાશ, બી. કેશરશિવમ )
- “ઈની આગર તો પેલા આભલાની પરીય લાજી મરે. શું દેવાંશી અવતાર ભગવાંને આ મરત્યુલોકમાં ઘડયો સઅ ! અનઅ માટી વધારે હસઅ એટલઅ જ ઈમણે આ રમકડું બનાયું સઅ.”( પૃ. ૧, રાતી રાંયણની રતાશ, બી. કેશરશિવમ )

ગાળ થકી સંબોધન, થાય એટલું શોષણ કરી જ લેવું તેવા સવર્ણોના અત્યાચાર ‘ ભોરીંગ ’ વાર્તામાં ભોરીંગના પ્રતીકથી રજૂ થયા છે. સમાજવ્યવસ્થામાં દલિતોની જે કફોડી સ્થિતિ છે તે વાર્તાના પાત્રો પૂંજા અને મગનના કાર્યોમાં જોઈ શકાય. મગન અને પૂંજો આઠ વર્ષના બાળકો છે છતાં સીમમાં લાકડાં ને છાણ લેવા જાય, મડદાના મોઢામાં મૂકેલો તાંબાનો પૈસો મળશે એ આશાએ સ્મશાનની રાખ ફંફોસતા, વગડામાંથી હાડકાં ભેગા કરી જલા ડોશાને ત્યાં વેચતા.

આ વાર્તા ભૂખ અને અસ્પૃશ્યતાના પ્રશ્નને કેન્દ્રમાં રાખે છે. વાર્તાના પાત્રો જલો ડોસો. મગન અને પૂંજો અસ્પૃશ્યતાના ભોરીંગનો ભોગ બનતા રહયાં છે. નાની અમસ્તી (ભાત ખાવાની તીવ ઈચ્છા ) પરિતૃપ્તિ માટે જલો ડોસો ‘ લોટો ’ જેવું ઘરનું વાસણ વેચીને ભાત લાવે છે. પણ આજે ડોડીના પાનથી ભૂખ શમાવવા જતા ભોરીંગના ડંખથી મૃત્યુ પામે છે. ‘સાંધાવાળું ધોતિયું ’ વાર્તા ઉમાશંકર જોશીની ‘ ગુજરીની ગોદડી ’ વાર્તાની યાદ અપાવે છે. દલિતોને ઈરાદાપૂર્વક કરવામાં આવતા અન્યાયોની પરંપરાથી ચાલતી આવતી કુપ્રથાને નિરૂપતી વાર્તા છે. ‘ જૂના જખમ ’ વાર્તામાં તેમના પર થતા અત્યાચર પર નજર કરીએ.

- કાળી ચૌદશની રાતે માતાજીનો ગરબો બનતો. દર વર્ષે મહોલ્લાના સોમલાના ખેતરમાંથી એકાદ ઝાડ પરથી ગરબા માટેનું લાકડું કાપી લાવતા. બીજી વર્ણના તો ખેતરમાં પેસવા પણ દેતા નહીં.
- દલિતોને ગાળ દઈને જ વાત કરવામાં આવે.
- ગામમાં જેને ફાવે તે સોમલાના ખેતરમાં જઈને ઝાડ કાપી આવતું. બીકને લીધે સોમલાથી કોઈને ના પડાતી નહીં. એની હાજરી હોય છતાં ઊંચા સાદે કંઈ કહી શકાતું નહીં.
- સવર્ણોને ‘ બાપા બાપા ’ કહીને આપવું પડતું. ઝઘડો કરવાં જતાં કે સહેજ ઊંચા સાદે બોલતા જ સવર્ણો ખેતરમાં બધું બાળી મૂકતા દા.ત દલિત સોમલાના ખેતરમાં કાલાંનો ઢગલો કર્યો હતો તે દાઝ રાખી બાળી મૂકવામાં આવે છે.
- ચોર નજર આગળ ચોરી કરી જાય અને પછી દેખાય એમ ચોરાયેલી વસ્તુ વપરાશમાં લેવાતી હોય પણ દલિતથી એમ ન કહેવાય કે આ વસ્તુ મારી છે.
- મંદિરમાં પ્રવેશ ન કરવો.
- દલિત વર્ગોનો બૈરાં ઢોલ વગર ઘૂમે તેમને ઢોલ વગાડવાની મનાઈ.

‘રામલી’ વાર્તાની નાયિકા હોસ્પિટલની સફાઈ કામદાર છે. પ્લેગ જેવા ચોમેર ફેલાયેલા રોગે બધાને ભરડામાં લીધા છે. ત્યારે તેવી પરિસ્થિતિમાં પણ પોતે ઈમાનદારીથી પોતાની ફરજ નિભાવ્યે રાખે છે. અને સફાઈકામમાં પ્રવૃત રહે છે. આખરે પ્લેગમાં સપડાઈ મૃત્યુ પામે છે. ટી.વી.ના સમાચાર પ્રમાણે કુલ ૪૨ ના મરણ થયા છે. પરંતુ ‘ રામલી ’ની ફરજ માટે શહીદી વહોરી લેવાની ઘટનાની કયાંય નોંધ જ ન લેવાય એમાં સમાજ અને તંત્રની નિષ્ઠુરતાનો પરિચય થાય છે.

Vol. 6, Issue: 11, November: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

'જેલના રોટલા' વાર્તા દલિતોના મંદિર પ્રવેશ નિષેધનો પ્રશ્ન લઈને આવે છે. શિક્ષિત હોવાં છતાં મગનને નોકરી નથી મળતી તેથી ખેતર લણવાની, નીંદવાની રોળવાની, કડિયાકામ કરવાની મજૂરી તેણે કરવી પડે છે. ' પોક ' જાતીવાદ પાછળ માણસો કેવી વિકૃતિ ધરાવે છે. તેનું જીવંત ચિત્રણ કરતી વાર્તા છે. અહીં દલિતના ઘરની દીનચર્યા પણ નિરૂપાઈ છે. ગોળની પાતળી ચા સાથે બાજરીના સૂકા રોટલાના સ્વાદથી ઊગતી સવારની સાથે વાર્તાની શરૂઆત થાય છે વાર્તાલેખકની ' જોગણી ' વાર્તા અનામત આંદોલનના તોફાનોનો ભોગ બનેલ ' કાળા 'ના કુટુંબની ખુમારી અને સંસ્કારને વ્યકત કરે છે. અન્યાય અને શોષણ એ જાણે દલિતવાર્તાના ભાગ્યમાં લખાયેલું જ હોય છે. પ્રસ્તુત ' ઉકરડા ' વાર્તામાં દલિતોના મહોલ્લા આગળ રહેલો ઉકરડો એ દલિતોની મોટી સમસ્યા છે. એનું કારણ છે ઉકરડાને કારણે જગ્યા રોકાય છે. ચોમાસામાં તેમાંથી નીકળતી દુર્ગંધ અસહય છે. ઉકરડાની બાજુમાં સીમમાં જવાનું નેળિયું છે. દલિતોના મહોલ્લાનું પાણી અહીં નેળિયામાં પ્રવેશે તો સવર્ણોની ગાળો ખાવાનો વખત આવે. આ ઉકરડાને દૂર કરવા દલિતો તરફથી કેટલીય રજૂઆતો થઈ હતી. અને એના પરિણામ અસહય આવ્યા હતા.

'રેતીનો મહેલ' વાર્તા દલિતવર્ગ અને સવર્ણ વર્ગ વચ્ચેની આર્થિક અસમાનતાને રજૂ કરે છે. અનામત આંદોલનનાં તોફાનોમાં હોમાઈ ગયેલા દલિતોની કરુણાંતિકા બી. કેશરશિવમની વાર્તાઓનો વિષય બને છે. અનામત આંદોલનના સમયમાં રોજગાર બંધ થતા સાઈઠ વટાવી ચૂકેલો ' કુબેર ' ભૂખને કારણે આખી રાત કણસતો રહે છે.સામે જ અનાજથી ભરેલું ગોડાઉન તેની ભૂખને જાણે વધુ ઘેરી બનાવે છે. આ ગોડાઉનનો માલિક કેટલુંય અનાજ ગણત્રીમાં લીધા વિના ઘરમાં કાઢી કાળાબજારે વેચી દેતો. એજ અનાજની હેરાફેરી કરનાર મજૂર તો દાણોય ન પામતો. વાર્તાનાયક ' કુબેર ' જાણે ગરીબીનો ભંડાર બની રહે છે.

વર્તમાન સમયમાં આર્થિક રીતે સદ્ધર ' ઘોઘાબાપાની દહેરી ' વાર્તાનો નાયક કેશવ બાળપણમાં અસ્પૃશ્ય હોવાને કારણે માનસિક અવહેલના, તિરસ્કાર સહન કર્યા છે. ' ચામડી ઘસવાની વેદના ' વાર્તામાં પ્રામાણિકતાથી નોકરી કરતા દલિત કેશવથી અસંતુષ્ટ સવર્ણ સ્ટાફ કાવતરાનો ભોગ બનાવી લાંચરુશ્વત બ્યૂરોના ખોટા છટકામાં તેને ફસાવી દે છે. ' અંબુભાઈ ' વાર્તામાં વર્ગ–૨ ના અધિકારી હોવા છતાં વર્ગ–૩ ની જુનિયર જગા પર માત્ર દલિત હોવાને કારણે અંબુભાઈને મૂકવામાં આવ્યા છે. આ રીતે ઘણી વખત તેમને અન્યાયનો સામનો કરવો પડયો છે. સ્વબળે આગળ આવેલા દલિત વર્ગે પાછળ રહેવાને ટેકો આપવો. સંગઠિત બનવું. પોતે જે ભોગવ્યું છે તે બીજા ન ભોગવે એ માટે પોતાનાને અને અન્યને સહાયભૂત થવાની શીખ ' આંખો ખૂલી ગઈ' વાર્તા આપે છે.

'મેના' વાર્તાની નાયિકા વિધવા માટેના ગર્ભાવસ્થાના નવમા માસે પેટ માટે મહેનત કરી રહી છે. સામે પક્ષે શોષક વેપારીનું લેણું પૂરું કરવું હોય નવું બિયારણ ખરીદવું હોય તો મેનાને પોતાને તાબે થવાની શરત વેપારી મૂકે છે. કારમી વેઠની પરિસ્થિતિમાં પણ મેના વેપારી અને તેના મોકલેલા સાથીઓનો પ્રતિકાર કરે છે. આ પ્રતિકાર દરમિયાન વેપારીનો નોકર અને તેના સાથી મેનાના પગ પકડી તેને ઢસેડે છે. દરમિયાન મેનાને દુઃખાવો ઉપડતા પ્રસવ થાય છે. જન્મેલા બાળકનું રૂદન પણ દલિતની વર્ષોથી વેઠાતી વેદનાનું અનુસંધાન બને છે. પાલનપુર શહેરથી દૂર ખેતર વચ્ચેનો ' કાળો બંગલો ' નવી નિયુકિત પામેલા વાર્તાનાયકને ' સાયેબ ' ને ફાળવવામાં આવ્યો છે.

'ટાઈ' માં અભાવો વચ્ચે જીવેલાને છેવટે સુખી પરિસ્થિતિને પામેલો નાયક પોતાના પુત્ર મહેશને પ્રથમ વાર તેના મનગમતાં કપડાં અપાવવાની ના પાડે છે. નાયક પોતે દલિત ગરીબ હોવાથી મનગમતાં કપડાંને કયારેય પહેરી શકયો નથી. વળી દલિતના છોકરાં નવાં કપડાં પહેરે તો એને નીચે સુવડાવી, ધૂળમાં રગદોળી ગંદા કરી નાખવા જેવા કૃત્યોનો તે સાક્ષી બની ચૂકયો છે. અનેક અભાવ વચ્ચે નાયકે બાળપણ યુવાનીને વિતાવી હતી પણ આજે તેની અંદર છુપાયેલી આ પીડાને સમજવા માટે અક્ષમ પુત્ર મહેશ આત્મહત્યા કરી લે છે.

'મકોડા' વાર્તા સરકારની સહાયકારી યોજનામાંથી દલિત માટે બનાવેલા, માંડ ટકે એવા ઘર અને તેમાં રહેનાર બંનેની કથળેલી સ્થિતિને રજૂ કરે છે. નાયિકા સંતોકના મુખે સવર્ણ રણછોડ દલિત સ્ત્રીઓની જે દશા કરે છે તેની રજૂઆત થઈ છે. આખી જિંદગી જેણે પ્રામાણિકતાથી નોકરી કરી છે તેવા ' વાલોભાઈ 'ની નિવૃતિનાં ' વિદાય સમારંભ ' માંડ દસ–પંદર મિનિટમાં પૂરો થઈ જાય છે. વળી સવર્ણની નિવૃતિ વેળાએ તેઓને ભેટ અપાતી પણ વાલોભાઈના વિદાય સમારંભમાં ગોઠવેલા બે–ચાર વાકયો વિના તેને કાંઈ પ્રાપ્ત ન થયું તેની વેદના હૃદયમાં ઘરબી ઘરભેગા થતા દલિતની આ વ્યથા છે.

'શિવાજી!' વાર્તામાં વાર્તાનાયક રમેશ અટક બદલાવવા છતાં તેના નાનકડા પુત્ર સિદ્ધાર્થ પટેલને અસ્પૃશ્યતાના શાપમાંથી બચાવી શકતો નથી પોતાના દાદ શિવાજી પોતે અસ્પૃશ્ય હોઈ સવર્ણની ઝપેટમાં ન આવી જવાય તેની કાળજી લેતા તેનું બયાન સહૃદય ભાવકને ભાવવિભોર કરી દે તેવું છે. ' એવોર્ડ ' વાર્તા લગભગ, વચેટિયા, પ્રલોભનોથી પ્રાપ્ત કરતા એવોર્ડની સામે જયારે એક દલિતને તેની સરાહનીય કામગીરી બદલ એવોર્ડ પ્રાપ્ત થાય ત્યારે સવર્ણને તે કેવું ખટકે છે તે રજૂ કરે છે વાર્તાનું આ વિધાન તેની સાખ પૂરે. – 'આ દલિતોય હવે એવોર્ડ માગતા થઈ ગયા છે. '

'ખીલ' વાર્તાનો નાયક ઉકો શહેરની હાઉસિંગ સોસાયટીઓ પાસેના કચરાના ઢગલાને, ફૂટપાથને, ખૂંદીને પોલીથીન, બેગ, જૂની સ્લીપરો, લોખંડ, હાડકાં ભેગા કરી ; વેચી પોતાનું ગુજરાન ચલાવે છે તેના પગમાં વાગેલા જૂના કાંટાનું દર્દ ખીલ બનીને ઊભરી આવ્યું છે. ' રામભેરહુ ' વાર્તામાં અનામતનાં હુલ્લડોના સમય દરમિયાન શહેરમાં કારકુનની નોકરી કરતા બાબુને ગામમાં પોતાના મહોલ્લા પર સવર્ણો દ્વારા હુમલો થયાનું જાણ થતા ચિંતિત બાબુ જેમ તેમ કરી પોતાના વતન પહોંચે છે. મુસ્લિમના ફળિયામાંથી તે હેમખેમ બહાર આવે છે. પણ પોતાના જ મહોલ્લામાં હિંદુ (દલિત) હોવા છતાં હિન્દુ (સવર્ણ) ટોળાનાં હુમલાનો જેમાં ઘા કરવામાં તેનો જૂનો મિત્ર રામશંકર સામેલ છે– ભોગ બને છે. અને પોતાના બળતા ઘરને જોઈને પણ નહીં રડેલી એની મા ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે.

'ભૂખ મરી ગઈ' વાર્તાનો નાયક મગન એક દિવસ અન્ન ન મળતા ભૂખથી ઊંઘી શકતો નથી તેની આસપાસ પણ આજ માહોલ છે.

'ક્રીમીલેયર' વાર્તામાં જજ જેવું માનવતું પદ ધરાવનાર ગોવિંદભાઈ પૂંજાભાઈ મકવાણાની બદલી શહેરમાં થવાથી તેમને અસ્પૃશ્યતાના શાપમાંથી કંઈક અંશે મુકિત મળશે અને પોતાના બાળકોને યોગ્ય શિક્ષણ આપી શકાશે એવી આશા બંધાય છે. પરંતુ શહેર પણ તેમને આ અભિશાપમાંથી બચાવી શકતું નથી. સવર્ણોની સાથે કામ કરતા દલિત કર્મચારીઓની મીઠી વાણી, પ્રશંસાથી મૂર્ખ બનાવી યેનકેન પ્રકારે કાઢવાની સવર્ણોની વૃતિ 'બદલી' વાર્તામાં રજૂ થઈ છે. ' જન્મદિવસ ' વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા 'પોલિયો અભિયાન 'નું મુખ્ય પાત્ર છે. ડાં. ઉષા. તે નિષ્ઠાવાન છે અને શહેરી કાપણીની સીઝનમાં ગામડે આવી પહોંચેલા આદિવાસીઓના બાળકો 'પોલિયો ડોઝ ' થી વંચિત ન રહી જાય તે મોટે તે ખેતરો સુધી પહોંચે છે.

'ખરતી ઈંટો' વાર્તામાં અનામતના બોજ નીચે દલિતોને કડવા વેણ સાંભળવા પડે છે જેવા કે, ' તમે તો સરકારના જમાઈ છો ', ' તમે તો સરકારનું પહેલા ખોળાનું સંતાન પરંતુ આ સિવાયની પણ એક કડવી એવી હકીકત છે કે, સરકારના આ જમાઈઓને જ અનામતના હુલ્લડોમાં પોતાના સ્વજનો ગુમાવવા પડયા છે. અપમાન અને અહેવાલના સહન કરવા પડયા છે. તે આ વાર્તામાં ગૂંથાયું છે.

'જમીનની માગણી' વાર્તામાં જાતમહેનતથી ખેતમજૂરી કરવા માટે દલિતોને ગામના વિશાળ ગૌચરમાંથી માત્ર દશ એકર જમીન જોઈએ છે. તેમની આ મજબૂરીનો લાભ ઉઠાવી, મત મેળવી સરપંચ બનવા માગતા/બનેલા ઉમેદવાર સરપંચ પદ ભોગવી નિવૃત પણ થઈ જાય અને પાછા ફરી સરપંચ બનવા માટે એ જ ભૂતપૂર્વ મુદાને પૂરા કરી આપવાની લાલચ આપી પોતાની નફફટાઈનું પ્રદર્શન કરે છે.

'સિમંતોન્નય' માં આર્થિક રીતે સક્ષમ, શહેરમાં વસેલો દલિત નાયક પોતાની માતાની ઈચ્છાને માન આપી ગામમાં જ સિમંતનો પ્રસંગ ઉજવવા તૈયાર થાય છે. બમણું વેતન ચૂકવીને ગોઠવાયેલા આયોજનમાં સવર્ણ એવો રસોઈઓ (મહારાજ) નાયકનો જીવ અધ્ધર કરાવી મહેમાનો વચ્ચે શરમજનક સ્થિતિમાં મૂકાઈ જવાની અણી સુધી હેરાન કરે છે અને પછી એ સમજાતા કે નાયક અધિકારી છે પોતાને અનાજની દુકાનની અરજી સંદર્ભે મદદ કરશે એવી લાલચ જાગતા કરગરે છે. સવર્ણ સમાજની ગરજુ મનોદશાને વાર્તાકારે રમૂજી રીતે વ્યકત કરી છે.

'જમીનની માગણી ' વાર્તાની જેમ જ 'ઉકરડા' વાર્તામાં જાતિનું રાજકારણ રમાય છે. દલિત મહોલ્લામાં વર્ષોથી અડીખમ રહેલો ઉકરડો દલિતો માટે ત્રાસદાયક, અગવડરૂપ અને પ્રાણ–પ્રશ્નરૂપ મોટી સમસ્યા છે. સુશિક્ષિત દલિતને પણ અસ્પૃશ્યતાનું કલંક છોડતું નથી. તે આજીવન તેની સાથે જળોની જેમ ચોંટી વેદના આપે છે. તે હકીકતને વાર્તાકારે ' બંધ ઘડિયાળના કાંટા ' વાર્તામાં ઘરકામ કરનાર માણસ મેળવવા માટે નાયકને ભોગવવી પડતી મુશ્કેલી થકી રજૂ કરી છે. અત્યંત

ગરીબાઈમાં દલિત જીવતો વર્ગ ' કચરો ' વાર્તામાં જીવંત બન્યો છે. ' બળતા રોટાલાની બળતરા ' વાર્તામાં સવર્ણ પરસોતમ પટેલ તેના જ ખેતરમાં મજૂરી કરતાં દીતલાની પત્ની સોમલી પર બળાત્કાર કરે છે. તો ' ટીડીઓ ' વાર્તામાં દલિતો ઊંચા હોદા પર હોય તો ઈર્ષ્યાપાત્ર બને છે તે બાબતને વાર્તા વિષય બનાવાઈ છે. ' ' જન્મદિવસ ' વાર્તા અત્યાચાર, અમાનુષી વર્તનની પરાકાષ્ઠા દર્શાવે છે.

ડૉ. સીમા વાર્તાસંગ્રહમાં કુલ ચાર દલિત વાર્તાઓ સંગ્રહાઈ છે. (૧) કૂવામાં વિષ્ટા (૨) અમરનો ઈન્ટરવ્યુ (૩) બુરખો (૪) ડૉ. સીમા.

'કૂવામાં વિષ્ટા' વાર્તામાં મગવાડા ગામેથી આવેલ દલિતની સંવેદનશીલ રજૂઆત મામલતદાર જયદેવને કડક પગલા લેવાની ફરજ પાડે છે. સુશિક્ષિત દલિતને પણ અસ્પૃશ્યતાનું કલંક છોડતું નથી. તે આજીવન તેની સાથે જળોની જેમ ચોંટી વેદના આપે છે. તે હકીકતને વાર્તાકારે ' બંધ ઘડિયાળના કાંટા ' વાર્તામાં ઘરકામ કરનાર માણસ મેળવવા માટે નાયકને ભોગવવી પડતી મુશ્કેલી થકી રજૂ કરી છે. અત્યંત ગરીબાઈમાં દલિત જીવતો વર્ગ ' કચરો ' વાર્તામાં જીવંત બન્યો છે. 'બળતા રોટાલાની બળતરા' વાર્તામાં સવર્ણ પરસોતમ પટેલ તેના જ ખેતરમાં મજૂરી કરતાં દીતલાની પત્ની સોમલી પર બળાત્કાર કરે છે. તો 'ટીડીઓ' વાર્તામાં દલિતો ઊંચા હોદા પર હોય તો ઈર્ષ્યાપાત્ર બને છે તે બાબતને વાર્તા વિષય બનાવાઈ છે. 'જન્મદિવસ ' વાર્તા અત્યાચાર, અમાનુષી વર્તનની પરાકાષ્ઠા દર્શાવે છે.

'અમરનો ઈન્ટરવ્યુ' વાર્તામાં કેન્દ્રસ્થ પાત્ર કર્મવીર છે તે અને દલિત દેવો બાળપણથી જ સાથે ભણતા હતા. ગમે તેટલી મહેનત છતાં દેવો હંમેશ ભણવામાં પ્રથમ જ રહયો. કર્મવીરને હંમેશા તેની ઈર્ષ્યા રહી. બંને ભણતર પછી વ્યાખ્યાતાની નોકરીમાં જોડાય છે. પણ કર્મવીર હીન્દી સાહિત્યની અજાણ કૃતિઓમાંથી ઉઠાંતરી કરી કરીને, પોતાની અનેક પ્રકારની ઓળખાણોને લીધે નિવૃતિ પછી કહેવાતી નામના થકી ઉપકુલપતિના પદ સુધી પહોંચી ગયો. દેવાના પુત્ર અમરને અનેક ઈન્ટરવ્યુ આપવા છતાં દલિત હોવાને કારણે નોકરી મળતી નથી. તથી દેવો કર્મવીરના પગ પકડી આ વખતાના ઈન્ટરવ્યુમાં અમરીની ભલામણ કરવા વિનંતી કરે છે. કર્મવીર આ વર્તનથી વધુ પોસાય છે અને ઈન્ટરવ્યુમાં કમિટિના તમામ સભ્યોના મત વિરૂદ્ધ અમરને વ્યાખ્યાતા માટે અયોગ્ય ઉમેદવાર જાહેર કરે છે. કારણ એ બતાવે છે કે તેના પિતાએ એ પુત્ર માટે કર્મવીરને ભલામણ કરી હતી. પોતાના અહંને કર્મવીર સંતોષ આપે છે પણ એ જાણતા જ ભાંગી પડે છે આજ અમર સાથે તેની દીકરી રચના મંદિરમાં લગ્ન કરી ચૂકી છે અને ગર્ભવતી પણ છે. અમરને નોકરી ન મળવા પાછળનું કારણ પોતાના જ પિતા છે એ સારી રીતે જાણતી રચના ; પિતાના અત્યાચારોને કારણે આત્મહત્યા કીર ચૂકેલી મા અને જૂઠાં સાહિત્યિક લખાણોથી પ્રસિદ્ધિ પામેલા પિતાના આશ્રયને છોડીને અમરને ત્યાં ચાલી જાય છે. વાર્તાસંગ્રહનું શીર્ષક જેના પરથી રખાયું છે તે 'ડૉ. સીમા' વાર્તામાં દલિત સીમા ડૉકટર બનવા માટે અભ્યાસકાળથી જ તનતોડ મહેનત કરતી આવી છે. પરંતુ મેડિકલ કોલેજમાં તેને જાણીબૂઝીને પાંચ વાર નાપાસ કરાવી આત્મહત્યા કરવા માટે માનસિક રીતે મજબૂર કરી દે છે.

'લક્ષ્મી' વાર્તા સંગ્રહમાંની 'લક્ષ્મી', 'પંચાયતમાંથી ઉચાપત', 'સરપંચ', 'સરલા' અને 'સોમભઈ' જેવી વાર્તાઓ સરકારના અનામતના નિયમ હેઠળ સરપંચ બનવા માટે ઉમેદવાર તરીકે ઊભા થયેલા દલિત પાત્રોને ઉમેદવારી ફોર્મ ભરવાથી લઈને તેઓ સરપંચ બને તે પછી પણ કેવા કેવા કારણ, બહાના હેઠળ હેરાન કરવામાં આવે છે તે વિષયને અલગ અલગ દષ્ટિકોણથી, આપસૂઝ અને જાતઅનુભવથી સર્જકે રજૂ કર્યો છે. આ બધી વાર્તાઓમાં સવર્ણો દ્વારા દલિત સરપંચનું અપમાન કરવાથી માંડીને તેને મારી નાખવા સુધીના કાવાદાવા રજૂ થયા છે.'પંચાયતમાંથી ઉચાપત' વાર્તા સવર્ણો થકી હત્યા કરાવવાથી લઈને અનેક કાવાદાવામાંથી ફસાવવાના પ્રયત્નો છતાં વાર્તાનાયક દલિતો માટેની, ગામ માટેની અનેક યોજનાઓનો ગામલોકોને લાભ અપાવી, મર્દાનગીભર્યા કામ કરી; સવર્ણોના બદઈરાદાઓને નાકામ કરી સફળતાથી સરપંચ તરીકેની પાંચ વર્ષની કાગમીરી પૂર્ણ કરે છે.

'સરલા' વાર્તામાં સરપંચ બનેલ દલિત સરલાને ઉપ સરપંચ રમણલાલ પટેલ પોતે સરપંચની ખુરશી પર બેસીને તો વળી ખુરશી પર બેઠેલી સરલાને બહાર બોલાવી કચેરીને તાળુ મારીને કચેરીની ચાવી ઉપસરપંચ પોતાને ઘેર જ રાખીને અનેકવિધ રીતે માનસિક ત્રાસ આપે છે. પરંતુ એક સ્વૈચ્છિક સંસ્થાનો મહિલા સરપંચોની તાલીમના કાર્યક્રમમાં ભાગ લઈ આવેલી સરલાના આત્મવિશ્વાસમાં બમણો વધારો થાય છે. ગામના આગેવાનો અને મહોલ્લાના લોકોને લઈને કચેરીમાં પહોંચેલી સરલા, ઉપસરપંચ રમણલાલને એટ્રોસિટીના કેસની અને તલાટીને ખોટા વાઉચરો બનાવવા બદલ ઠપકો આપે છે તેના આ

Vol. 6, Issue: 11, November: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

સ્વરૂપને જોઈ અત્યાર સુધી તેને હેરાન કરતા ઉપસરપંચ, તલાટી અને પટાવાળો ધ્રુજી ઉઠે છે. 'સોમભઈ' વાર્તામાં દલિત મહોલ્લાના નિવૃત શિક્ષક સોમભઈને સરપંચ બનવા માટે ઉમેદવારી કરવા મહોલ્લાના લોકો વિનંતી કરે છે. ઠાકોર, પટેલ પોતાની મીલી ભગતથી કુપાત્રને ઊભા કરી પોતે સરપંચપદ ભોગવી ગેરવ્યાજબી વહીવટ કરવાના પેંતરાઓમાં રાચતા હોય છે. તેથી સોમભઈ પોતે ઉમેદવારી નોંધાવે છે.

'સહનાવવતુ.........સહનૌભુનકતુ' વાર્તામાં શાળાના બાળકોને મધ્યાહન ભોજનનો લાભ મળવો શરૂ થાય છે તેથી ભોજનની લાલચે દલિત બાળકોનું શાળાએ આવવું શરૂ થાય છે પણ આભડછેટમાં રાચતા શિક્ષકો કાં તો દલિત બાળકોને અલગ બેસાડે છે કાં તો પ્રથમ જ ભોજન આપી ઘેર વિદાય કરી દે છે. આ બાબતની તપાસ માટે શાળમાં આવેલ નાયબ મામલતદારની કડક તપાસથી શિક્ષકો એવો અંદાજ બાંધે છે કે ' સાહેબ દલિત લાગે છે ' ટૂંકમાં દલિતોની વેદના દલિત જ સમજી શકે એવી એક અસર આ વાર્તા છોડી જાય છે. અનેક ઈન્ટરવ્યુમાં નાપાસ થયેલો અરવિંદ જયારે પોતાની જાતિનું પ્રમાણપત્ર વ્યાખયાતાના ઈન્ટરવ્યુમાં જોડતો નથી ત્યારે તે પાસ થઈ જાય છે પરંતુ તપાસને અંતે તે દલિત છે એમ જાણતા જ તેની નિમણૂંક રદબાતલ થાય છે આ ઘટનાથી અજાણ પિતા અરવિંદને પ્રશ્ન પૂછે કે, ' એ લોકોએ હુકમ આપ્યો ' પણ જવાબમાં નિરુત્તર અરવિંદ વાર્તાનું શીર્ષક ' અરવિંદ શું જવાબ આપે ' સાર્થક કરે છે.

આ વાર્તાસંગ્રહની વાર્તા ' ન્યાય ! ? ' માં દલિત જાતિની કેતકીને જિલ્લાના છેક છેવાડાના ગામે શિક્ષિકાનો હુકમ આવે છે. પણ આભડછેટમાં માનતા આ ગામમાં કેતકીની તળાવના ગંદા પાણી સંદર્ભની ફરિયાદ અને દલિતોને સવર્ણોના કૂવેથી પાણી આપવાની માગણી, દલિતોના બાળકોને શાળામાં દાખલ કરવા જેવી કામગીરીથી ઉશ્કેરાયેલા સવર્ણો દલિત મહોલ્લાને સળગાવી, દલતોને મારઝૂડ કરે છે. સરપંચ કેતકી પર બળાત્કાર કરે છે. પરંતુ કેતકી અને તેનો પતિ કેશવ આ ઘટનાથી ડર્યા વિના પોલીસ ફરિયાદ કરે છે. કોર્ટ કેસમાં હારી ગયેલી કેતકી, કેશવને તેના પિતા કાગડા બધે કાળા હોય એમ જણાવી આ સંઘર્ષને અહીં જ સમાપ્ત કરવા જણાવે છે.

'પશુ' નામમી આ વાર્તામાં મંદિરનો પુજારી ગાયોથી ઘવાય છે. તેથી ગાયોને માટે દરરોજ ઘાસ વેચવા ઊભા રહેતા વાર્તાનાયકને કારણે આ ઘટના બની છે એવો ક્રોધ રાખી પૂજારીના ટેકેદારો તેને ઢોરમાર મારે છે. ચિત્રસેન આર.શાહના શબ્દોમાં – ' જાણે બન્ને જણ પશુઓથી ઘવાયા હતા. ' ' ફેરી ' વાર્તામાં ફેરી કરી પેટીયું રળતો નાયક લક્ષ્મણની મૂંઝવણ એ છે કે તે દલિત હોવાને કારણે ઘણી વાર તેનો માઈ વેચાતો નથી તેથી તેને ગામ છોડી દેવાનો વિચાર પણ આવે છે. ' શહીદ ' વાર્તાસંગ્રહની ' સુનામી ' વાર્તામાં સુનામીનો ભોગ બનેલાઓને રાહતછાવણીમાં આશ્રય આપવામાં આવ્યો છે. જો કે, અહીં પણ અસ્પૃશ્યતાનું ભૂત ધૂણે છે. ' હિજરત ' વાર્તામાં જલપરડી ગામના ભય અને ભૂખથી કણસી રહેલા દલિતોની કલેકટરે અપાવેલી જમીન સવર્ણોએ ઝૂંટવી લઈ તેમને જમીન પરથી દૂર કરી દીધા છે. દલિતોએ આ બાબતે વિરોધ કર્યો તો તેમની વસ્તી પર હુમલો થયો છે. આખરે દલિત મહોલ્લામાં રહેતા શિક્ષક રમેશભાઈની આગેવાની હેઠળ દલિતો હિજરત કરી ગાંધીનગર જઈ ન્યાય માંગવા કમર કસે છે.

'કાંસકી' વાર્તાની ; શહરથી પરણીને ગામડે વસેલી મંજૂ, જેના ખેતરમાં મજૂરી કરવા જાય છે તે ખેતરમાલિક તેના પર બળાત્કારનો પ્રયત્ન કરે છે અને મંજૂ તેની હત્યા કરી પોતાના સુખભર્યા પરિવારને ગુમાવી બેસી જેલવાસ ભોગવે છે. વાર્તાસંગ્રહનું શીર્ષક ધરનાર વાર્તા ' શહીદ ' શિક્ષણ જગતમાં ચાલતા અનેક કાવાદાળાઓ, લાંચરુશ્વતખોરીની હકીકતને તો રજૂ કરે જ છે. ઉપરાંત આ બધાની વચ્ચે અનુસૂચિત જાતિની સૂગને લીધે ઘડીકમાં ફાજલ પડતા, ઘડીકમાં નોકરી પર હાજર કરાતા એમ ફૂટબોલની જેમ ફંગોળાતા રહેતા દલિતોની વ્યથાકથા રજૂ કરે છે. સાથે સાથે આવી જ એક દર્દનાક વ્યથાને જીવી આખરે પોતાના બંને બાળકોને ઝેર મિશ્રિત મિઠાઈ ખવડાવી પોતે પણ ખાઈ આત્મહત્યાનો રસ્તો અપનાવતા મહેન્દ્ર નામના પાત્રની મજબૂરીને રજૂ કરે છે. આ વાર્તા દલિત શિક્ષકો સાથે ડગલેને થતા અન્યાયને અને બદીઓથી ખદબદતા શાળકીય ટ્રસ્ટો, સંસ્થાઓ, કોર્ટ–કેસની કડવી સચ્ચાઈઓનો પણ યથાગત સ્વરૂપમાં મૂકી આપે છે.

'રોજગાર યોજના' વાર્તા વાર્તાના મુખ્ય પાત્રની હસમુખના (સંયુકત નિયામક, કુટિર ઉધોગઘ કમિશ્નરની કચેરી)જાત અનુભવો જણાવે છે કે દલિતોના હિતમાં લેવાયલ નિર્ણયો, યોજનાઓ દલિતો સુધી પહોંચાડવાની માત્ર વાતો થતી હોય છે. 'જામીન' વાર્તાનું મુખ્ય પાત્ર મગો નવા મકાન બનતા હોય ત્યાં સાવ નજીવા પગારમાં વાચમેનનું કામ કરે છે. તેની પત્ની મોઘી આર્થિક સંકડામણને કારણે કડીયાકામ કરે છે. નવું મકાન તૈયાર થતાં જ હરહંમેશની જેમ મંગાની સામે ' હવે કયાં

રહશું?' તે પક્ષ પ્રશ્ન બની જતો. જેનું મકાન બની રહયું છે તેના માલિકની રોજની ટકટક મંગાને કોઠે પડી ચૂકી છે. આ માલિકનું હાર્ટએટેકમાં મૃત્યુ થતા હવે તેનો દિકરો અનિલ નવા બનતા ઘરના આંટાફેરા કરે છે. પણ તેની કુનજર મોંઘ પર છે. તેથી જાણીબૂઝીને તે મોંઘીને પોતાના જ નવા બનતા ઘરમાં કામ આપે છે અને તકનો લાભ ઉઠાવી શારીરિક અડપલા કરે છે. તેની વાસનાથી સાવચેત મંગો મોંઘીને અન્યત્ર ખસેડે છે ત્યાં પણ અનિલ તેની એકલતાનો લાભ લેવાનો પ્રયત્ન કરે છે. અને પકડાઈ જતા વેર રાખી મંગાને ચોરીના ખોટા આરોપ હેઠળ ફસાવે છે પણ એમ કરવા જતા ઉલટું અનિલ જ અન્યત્ર ચોરીના આરોપમાં ફસાઈ જાય છે તેની ખરાબ શાખને કારણે કોઈ છોડાવવા ન જતા આખરે મંગો તેનો જામીન બની તેને છોડાવે છે. દલિતની અપકારનાં બદલામાં ઉપકારની વૃતિ, સાફ માનસના દર્શન થાય છે.

'ઉપકાર' વાર્તા એક ઉદાહરણરૂપ ઘટનાને વર્ણવે છે. શાળાના આચાર્ય ગોવર્ધનભાઈ પટેલનું નવા ભરતી થયેલ દલિત શિક્ષકો તરફનું યોગ્ય પક્ષપાતી વલણ દલિત શિક્ષકોને સતત મુશ્કેલીઓમાંથી બચાવે છે. સ્ટાફના સવર્ણ શિક્ષકોની આભડછેટની માન્યતા તેમને વ્યગ્ર બનાવે છે. 'ઉમેશ' વાર્તાનો નાયક ઉમેશે પોતાની દલિત જાતિને છૂપી રાખી ઉષા સાથે પ્રેમલગ્ન કર્યા છે. પણ તેની જાતિની આળખ છતી થતા જ ઉષાનું અને તેના મા–બાપનું ઉમેશ સાથેનં વર્તન બદલાઈ જાય છે. 'માણકી' આ વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા 'માણકી' દલિત નાર ચંપાની બબ્બે વખત ઈજ્જત બચાવનારી માણકીની (સાંઢણી) એટલે કે એક પ્રાણીમાત્રની સમજણને વ્યકત કરે છે. ' સ્મશાનગૃહ' વાર્તામાં ભોળીદાસ પટેલ પોતાની ચાલાકીથી વખતસંગની ટોચમર્યાદાના હેઠળ બાકી રહ જતી જમીન કશવને અપાવે છે. આ ઉપકારના બદલામાં પોતાના ધાર્યા મુજબ દલિતોના સ્મશાનગૃહની

જમીન પર શાળા બાંધવી અને વચ્ચે વચ્ચે મળતા લાભને ખાટી લેવાની લોભી વૃતિ ોળીદાસ પટેલની યોજના છે અને તેમાં તે સફળ થાય છે. દલિતોની યોગ્ય લાયકાત છતાં તેમને સરકારી કચેરીઓમાં કોઈ સ્વતંત્ર હવાલો ન સોંપાતા કોઈને કોઈની દરમિયાનગીરી હેઠળના હોદા સોંપવામાં આવે તે મુજબની આંટીઘૂંટીઓ 'સંદિપકુમાર' વાર્તામાં રજૂ કરવામાં આવી છે. સંદિપકુમારને હાર્ટઅટેકને કારણે બાયપાસ સર્જરી કરાવવી પડે છે. તેઓ હોસ્પિટલમાં હોવા છતાં તેમનું નામ ચૂંટણી નિરિક્ષકની કામગીરી માટે માકલવામાં આવે છે .આમ સરકારી કચેરીઓમાં માત્ર જાતિને કારણે નોકરી દરમિયાન અનેક સંઘર્ષમાંથી પસાર થતા વધુ એક દલિતની વ્યથા આ વાર્તામાં છે. 'શનિયો' વાર્તામાં ' માણકી' વાર્તાની જેમ જ ટોમી નામનો કૂતરો પોતાના વાસનાભૂખ્યા માલિકના સકંજામાંથી દલિત શનિયાની ઘરવાળીને બચાવે છે.

'ચિરાગ ' વાર્તામાં અનેક ગુપ્ત માહિતીઓની બાતમી લીક કરીને, રાજકારણ રમીને નાનામાંથી મોટા થવાની કામના કરતા કૃષ્ણકાંતને એક સમયે અનેક નાના–મોટા ગુનાઓમાંથી તના વડા હોવાને કારણે ઉદારતાથી ગણપતે બચાવ્યો હતો. આજ તે નાયબ કલેકટર છે અને તેની ગેરરીતિઓ હજી પણ ચાલું છે. કલેકટર કચેરીમાંથી ટેન્ડર લીક થયાનો આરોપ કચેરીમાં નોકરી કરતા ગણપતના દીકરા 'ચિરાગ' ઉપર આવ્યો છે. ગણપતની ચિરાગની નિર્દોષ હોવા બાબતની અનેક રજૂઆતો પછી પણ કૃષ્ણકાંત પીગળતો નથી જો કે, ઈશ્વરના ન્યાય મુજબ આખરે કૃષ્ણકાંતની ગેરરીતિઓ બહાર આવે છે.

'પંદરમી ઓગસ્ટ' આ વાર્તાસંગ્રહની મહત્વપૂર્ણ વાર્તા છે. દલિત ગલાની જમીનને પચાવી પાડવા માટે માણેકલાલ જાત–જાતના પેંતરા કરી જમીનમાં ગેરકાદેસર રીતે બુલડોઝર ફેરવાવી તેના પર ઘાતક હુમલો કરાવડાવે છે. તેથી ન્યાય માટે ગલો અને બેની પોતાની જ્ઞાતિના વકીલ બનેલા પાનાચંદ સોલંકીને મળે છે. પાનાચંદ વકીલના અનેક પ્રયત્નો પછી પણ પરિણામ મળતું નથી. પાનાચંદ પોતે આર્થિક રીતે ખુવાર થઈ જાય ત્યાં સુધી આ કેસ લઠે છે અને પોતાના ઘરમાં દાણો નથી તેથી ગલા પાસે દાણાની માગણી કર છે. આ સ્થિતિ વકીલ પાનાચંદની જીવનની કટોકટીની પરાકાષ્ઠા બતાવે છે જો કે, આ પરિસ્થિતિ સુધી પહોંચેલો પંદરમી ઓગસ્ટના દિવસે ધ્વજવંદનમાં ઉપસ્થિત કલેકટર, ધારાસભ્ય અને મેજિસ્ટ્રેટનું રિવોલ્વરની ગોળી છોડી ખૂન કરીને પોતે ધ્વજ નીચે સરેન્ડર કરી લે છે.'વિમળા' વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા 'વનેસંગ' કસળસંગ અને તેના દિકરા વજેસંગના કુકર્મોની કથાને સંદર્ભે વર્ષોથી ચાલ્યા આવતા દલિત સ્ત્રી પરિવાર પરના કહેવાતા ઉચ્ચવર્ણના શોષણની વિચિત્રતાને વર્ણવે છે.

'માધવી' વાર્તાની નાયિકા યુવાનીના આવેશમાં દલિત યુવક જયને પ્રેમ કરે છે અને પોતાના કુટુંબની ઉપરવટ જઈ પ્રેમલગ્ન કરી કોર્ટમાં જ જય સાથે નવજીવન શરૂ કરવા ચાલી નીકળે છે. પરંતુ દલિત જીવન પ્રત્યે સહાનુભૂતિ દાખવવી અને દલિત જીવનને જીવવું બંનેમાં ખૂબ મોટો તફાવત છે. માધવી થોડા જ સમયમાં પોતાના ઊંચા કુટુંબમાં પાછી ફરે છે.'મંજૂલા'

Vol. 6, Issue: 11, November: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

વાર્તામાં આ જ વિષય જરા જુદા દષ્ટિકોણથી રજૂ થયો છે. સવર્ણ અમરત અને દલિત મંજૂલા પ્રેમલગ્ન કરે છે પણ પછી જ્ઞાતિવાળનું અમરતના કુટુંબ તરફનું અસંતોષી વલણ, બહેનના પોતાની જ્ઞાતિમાં લગ્ન ન થવા વિગેરે કારણોસર અમરતને મંજૂલા તરફ અસંતોષ થઈ આવે છે. અને તેના કુટુંબ પર જેના ઉપકાર છે તેવી મંજૂલાને છેતરીને તે છૂટાછેડાના પત્ર પર સહી કરાવી લઈ તેને તરછોડી દે છે. ‘ એસિડ.......ફિનાઈલ ’ વાર્તામાં વરસાદ અને તેના કારણે ઠંડીનો માહોલ સર્જાયેલો છે તેમ છતાં મનોજને ઘર ચલાવવા માટે એસિડ.... ફિનાઈલ વેચવા જાવું પડે છે.

‘નિવૃતિ’ એવા દલિત નાયક ‘વિહારમા’ ની કથા છે. જેના મનમાં પોતાના પ્રત્યે રાખવામાં આવતી આભડછેટથી દાવાનળ ભભૂકે છે. તેના પ્રત્યે જયાં જયાં જાતિ અંગેનો તિરસ્કાર થાય ત્યાં તે મક્કમતાથી માર મારીને કે માર ખાઈને પણ વિરોધ વ્યકત કરતો. ઉંમરના એક તબક્કે તે આભડછેટના વિચારોને કારણે હીસ્ટીરિયાનો રોગી બન્યો. અહિંસા તરફ વળ્યો. આભડછેટની પરિસ્થિતિને નિયતિ સમજી સ્વીકારી લીધી. પોતાના રોગના ઈલાજમાં આર્થિક રીતે ખુવાર થયેલો નાયક હિસ્ટીરિયાની બીમારીમાંથી તો મુકત થાય છે પણ નિવૃતિના અંતિમ દિવસે તેના સામે નાણાંકીય અનિયમિતતા સંદર્ભે દાખલ થયેલી ચાર્જશીટ તેને ફરીથી આભડછેટની સાથે હિસ્ટીરિયાની બીમારીમાં ભીંસે છે. ‘ અનામતના હુલ્લડ ’ વખતે સજજડ બદોબસ્ત અને પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવાની નેમ સાથે જિલ્લા કલેકટર દલિત બળદેવ પોતાના જ વતન લાખપીપળ પહોંચે છે.

‘વિમળા’ વાર્તાની નાયિકા વિમળા છે. દસમાં ધોરણમાં ભણતી અને શાળામાં જતી વખતે મંદિર સામેથી પસાર તથા આ દલિત કન્યાને એક વિચાર આવે છે કે, પશુપંખી મંદિરમાં અનાયાસે જ પ્રવેશ કરી શકતા હોય તો અમને જ કેમ મંદિરમાં જવા દેતા નથી ? ઈશ્વરને જોવાની સહજ જિજ્ઞાસાવશ તે એક મક્કમ નિર્ણય કરી લે છે કે, ‘ હું મંદિરમાં કેમ ન જઈ શકું ? ’ શરૂઆતમાં આ પ્રશ્નના ઘેરા પ્રત્યાઘાત પડે છે. દલિત મહોલ્લાએ પણ તનો વિરોધ નોંધાવ્યો પરંતુ પછી તો તેણે મંદિર પ્રવેશની જાહેર કરેલી તારીખ ચૌદમી એપ્રિલથી લોકો ઉતસાહિત બન્યા અને વિમળાની સાથે બધા જોડાઈને એક પાણીના રેલામાંથી જાણે ધસમસતો પ્રવાહ સર્જાય છે. ઘટનાને પગલે ગામમાં સજજડ પોલીસ બંદોબસ્ત ગોઠવાય છે. વિમળાને પગલે બધા દલિતો મંદિરમાં પેટ ભરીને ભગવાનના દર્શન કરે છે. ચૌદમી એપ્રિલ પછીના દિવસોમાં સવર્ણો પોતાની માનસિકતાના દર્શન કરાવતા હોય એમ પૂજારી ગોમૂત્રથી મંદિરને ધોઈ નાખે છે.

‘દેવસ્થાનની જમીન’ વાર્તામાં ઈશ્વર તો કયાંક બાજુ પર રહી જાય છે અને ટપુભા ટોચમર્યાદા હેઠળ આવતી પોતાની જમીનને મજબૂરી વશ ,તલાટી અને પૂજારીની યોજના મુજબ મંદિરને સોંપે છે. આ જમીનમાં મજૂર તરીકે કામ કરતા પૂજો અને તેનો દીકરો ભીમો, ગણોતનો કાયદો આવતા શિક્ષિત ભીમો આ જમીન માટે પોતાનો હક નોંધાવે છે. પરંતુ સવર્ણોની અત્યાચારની નીતિ જાણતો પૂજો ભીમાને આમ ન કરવા સમજાવે છે પણ જાગૃત ભીમો પૂજા સાથે ઝઘડો કરીને પણ પોતાની વાત પર મક્કમ રહ છે. આ પિતા–પુત્રનો ઝઘડાનો લાભ ઉઠાવી પૂજારી પૂજાની હત્યા કરાવી નાખે છે અને પિતાની હત્યાના આરોપસર નિર્દોષ ભીમો જેલભેગો થઈ જાય છે. દેવસ્થાનની જમીનમાં મળતિયા તા મોજ કરે છે પણ નિર્દોષ પૂજાની અને ભીમાની બલિ ચઢી જાય છે. ‘ કામવાળી ’ વાર્તા દલિત સ્ત્રી પર સવર્ણ પુરુષો જ નહીં પણ સ્ત્રીઓ દ્વારા થતા અત્યાચારનું નિરૂપણ કરે છે. વાર્તામાં ઘરકામ કરતી દલિત સ્ત્રી પર માત્ર એટલા માટે કે તે દલિત છે. સાવ અધમ કામ કરાવ, શારીરિક ત્રાસ આપવામાં આવે છે. કારણકે તે દલિત છે. દલિત જાણે માણસ જ ન હોય તેવું સમજતા સવર્ણનો વધુ એક દાખલો આ વાર્તા આપે છે જો કે, અહીં સ્ત્રી દ્વારા દલિત સ્ત્રી પર અત્યાચાર થાય છે તે નોંધપાત્ર બાબત છે.

## ૫. ઉપસંહાર

સામાજિક વર્ણવ્યવસ્થામાં વધતા જતાં અનિષ્ટ, અન્યાયો, અસમાનતા, આંકાક્ષાઓ પીડા–વેદનાને પરિણામે આક્રોશ અને વિદ્રોહ જગવવાના ભાગ રૂપે ગુજરાતી દલિત વાર્તાનો પ્રારંભ થયો અને વિદ્રોહ ખાસ તો એટલા માટે હતો કે હજારો વર્ષ સુધી આ વર્ગ પોતે જે યાતનાઓ વેદનાઓ વેઠી છે તે વર્તમાન કે ભવિષ્યમાં પોતાને કે બીજી કોઈને વેઠવી ન પડે. – ‘ માવવામાં ન આવે એવી ઘટનાઓ એ દલિતોવાર્તાનું મહત્વનું લક્ષણ છે.’(પૃ. ૧૭, દલિત વાર્તાઓ, મનોજ માધ્યાવંશી ‘કલાંબા’)સમાજના સવર્ણ ગણાતા વર્ગ, અધાર્મિકતા, જડરૂઢિ, અંધશ્રધ્ધા, આર્થિક અને સામાજિક વિધિનિષેધો વગેરેની મદદથી પોતાના સ્વાર્થ, સગવડ અને સલામતી ખાતર દલિત વર્ગનું શોષણ જ કર્યુ. તેમની માનવીય સંવેદના અને માનવીય હકો જે રીતે છીનવાતા રહયાં છે. તેનું સૂક્ષ્મનિરૂપણ દલિતચેતનાની વાર્તામાં થયું.

“દલિત વાર્તાનો પ્રવાહ પણ અનુઆધુનિક સમયની ધ્યાનાર્હ ઘટના છે. આ નૂતન પ્રવાહને ‘સાહિત્યનું સમાજશાસ્ત્ર’ ની દષ્ટિએ જોવો જોઈએ. આ વાર્તા આનંદપ્રમોહ માટે નહીં પણ સામાજિક અને ન્યાય સમાનતા માટેની સહાનુભૂતિ જીતવા રચાય છે. એમાંય જાતીય શોષણ ,આર્થિક શોષણ તો છે જ. સાથે સાથે દલિત વાર્તા વર્ણ–સમાજમાંભાગત શોષણને પણ ચીંધે છે. આપણા સમાજનો ચહેરો ઓળખવા માટે ઈતિહાસકારોને દલિત સામગ્રી અને દષ્ટિ બેઉ પૂરાં પાડે છે.” (પૃ. ૩ર, પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો, મણિલાલ હ. પટેલ )

દલિત–પીડિત શોષિતનો વેદનાનો ચિત્કાર તેમાં ઊઠતો હોવાથી દલિત વાર્તા પ્રભાવક નીવડી. આગવી દષ્ટિથી લખતા લેખકો માટે દલિત સમસ્યા માત્ર પ્રચારનો વિષય નથી. તેઓ સાહિત્યની કલાપૂર્ણ રીતે આ સમસ્યા ચિરંજીવ છાપ મૂકે તે દિશામાં ગતિ કરે છે. દલિતચેતનાની વાર્તાના લક્ષણો બાંધવા મુશ્કેલ છે. તેમ છતાં વિવેચકોના મતે દલિત વાર્તામાં પ્રથમ પરિવેશ રચાય અને તેની સમાન્તરે વાર્તાનો વર્ણ્યવિષય દલિતપીડિત સમાજને સ્પર્શતો હોવો જોઈએ. વાર્તામાં દલિત વાતાવરણ હોય. આ સમાજના રહેણીકરણી રીતરિવાજોની વિગત હોય, આ સમાજની આગવી બોલી હોય અને સૌથી વિશેષ મહત્વનું એ કે તેમાં દલિત સંવેદનાનો સ્પર્શ હોય. દલિત વાર્તા સંદર્ભે શ્રી ભી.ન.વણકરનું આ વિધાન જોઈએ. –“સૂક્ષ્મભાવનાઓનું આલેખન તળ સમાજની વાસ્તવિકતા, તળપદા શબ્દો અને દલિત જીવનના અનુભવોનું અભિવ્યકિત દલિત વાર્તાનું વિશેષ છે.” (પૃ. ૧૫૩, શબ્દસૃષ્ટિઃ નવેમ્બર : ર૦૦૩ ) જડ સમાજમાં અછૂત, અજાણ્યા, દર્દ, વેદનાઓને વાચા આપનારા અનેક વાર્તાકારો પૈકીના પ્રવીણ ગઢવી, બી. કેશરશિવમ, ધરમાભાઈ શ્રીમાળી અને રાઘવજી માધડની દલિતચેતનાની વાર્તાઓમાં વંચિતોની અભિવ્યકિત અને આ બાબતે તેઓને જે કોળ્યું કણસ્યું તે આપણે એમના સર્જનમાં જોઈ શકીએ છીએ.